Capital World Pg 5, 30th March 2022

# બિટકોઈન ૪૮ હજાર ડોલરની સપાટીએ સ્પર્શી ફરી ઘટ્યો

» ભારતીય ક્રિપ્ટો વાયરનો આઈસી૧૫ ઈન્ડેક્સમાં ૦.૮૭ ટકાનો વધારો

**કેપિટલ સંવાદદાતા તા.૨૯**

મંગળવારે થોડા સમય માટે બિટકોઈન ૪૮,૦૦૦ ડોલરની સપાટી વટાવી ગયો હતો, જે આ વર્ષની તેની સર્વોચ્ચ સપાટી હતી. રોકાણકારોમાં હવે ક્રીપ્ટોકરન્સી પ્રત્યેનો વિશ્વાસ વધવા લાગ્યો છે. છેલ્લાં બે સપ્તાહમાં બ્લેકરોક અને ગોલ્ડમેન સાક્સ સહિતના નાણાકીય સેવા ક્ષેત્રના દિગ્ગજોએ ક્રીપ્ટોમાં રસ દાખવ્યો હોવાથી ક્રીપ્ટોકરન્સી માર્કેટમાં ગતિ આવી છે.

ગયા અઠવાડિયે ક્રીપ્ટો માર્કેટમાં ૧૯૩ મિલ્યન ડોલરનો પ્રવાહ આવ્યો હતો. એમાંથી અડધા કરતાં વધારે રકમ બિટકોઈનમાં રોકાઈ હતી.

ટેરા ઈકોસિસ્ટમે પોતાની બિટકોઈન ટ્રેઝરીમાં જાન્યુઆરીથી ૧ અબજ ડોલર કરતાં વધારેની વૃદ્ધિ કરી છે. ૨૮મી માર્ચે ચાર વધારે ખરીદી કરવામાં આવી હતી.

દરમિયાન, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ મંગળવારે સાંજે આઠ વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૦.૮૧ ટકા (૫૬૧ પોઈન્ટ) વધીને ૭૦૨૬૦.૫૮ પોઈન્ટ બંધ રહ્યો હતો. ઈન્ડેક્સ ૬૮,૯૩૧ ખૂલીને ૭૦,૪૯૪ સુધીની ઉપલી અને ૬૮,૧૧૬ પોઈન્ટની નીચલી સપાટીએ ગયો હતો.